**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

' Vraj ', Opp. HDFC Bank,
Beside Chandanbala Tower,
Nr. Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad - 380 007

**<u>અખબારી યાદી</u>**

# દેશમાં વન આવરણ વધ્યું
# 'હરિત ભારત' એક રાષ્ટ્રીય મિશન

## કેન્દ્રીય વન મંત્રીનો રાજ્ય સભા સાંસદ શ્રી નથવાણીને ઉત્તર

**૩ ઓગસ્ટ ૨૦૧૦ :** ભારત સરકારે 'ક્લાઈમેટ ચેન્જ' ને અનુલક્ષીને એક કાર્ય યોજના જાહેર કરી છે; જે અન્વયે દેશમાં વનોની પ્રગાઢતા તથા જૈવિક વિવિધતા સાથે વનોનું આવરણ વધે તેવા ઉદ્દેશ્યથી 'હરિત ભારત રાષ્ટ્રીય મિશન' નો વિચાર વહેતો કર્યો છે. આ મિશનનો મૂળ હેતુ વનીકરણ દ્વારા આબોહવા ઉપરના ક્લાઈમેટ ચેન્જની અસરોનો સામનો કરવાનો છે. કેન્દ્રના પર્યાવરણ તથા વન મંત્રાલયનો સ્વતંત્ર હવાલો સંભાળતા રાજ્ય મંત્રી શ્રી જયરામ રમેશે રાજ્ય સભામાં સાંસદ શ્રી પરિમલ નથવાણીના એક અતારાંકિત પ્રશ્નના જવાબમાં આ મુજબ જણાવ્યું હતું.

શ્રી નથવાણીએ એમ પૂછ્યું હતું કે શું ભારતમાં વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૦ દરમ્યાન વન આવરણમાં ઘટાડો થયો છે ? તેનો 'ના' માં જવાબ આપતાં વન મંત્રીશ્રીએ ગૃહને જણાવ્યું કે ભારતીય વન સ્થિતિ, ૨૦૦૯ના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૦૭ તથા ૨૦૦૯ના મૂલ્યાંકનના આધારે એક દશકામાં વન આવરણમાં ૩૧,૩૪૯ ચોરસ કિલોમીટર અર્થાત્ ૪.૭૫ ટકા પરિવર્તન જણાયું.

તેમણે વધુમાં એમ પણ કહ્યું કે ભારતીય વન સર્વેક્ષણ દ્વારા દેશમાં વન આવરણનું મૂલ્યાંકન કરવાનું કામ ૧૯૮૭ થી શરૂ થયું. આ અંગે ગૃહના પટલ ઉપર મૂકાયેલી માહિતી મુજબ દેશમાં વર્ષ ૨૦૦૯માં ૬૯૦,૮૯૯ ચોરસ કિલોમીટર જેટલું વન ક્ષેત્ર હતું; જે વર્ષ ૧૯૮૭ માં માત્ર ૬૪૦,૮૧૯ ચોરસ કિલોમીટર જ હતું. આ આંકડાઓ મુજબ જો કે વર્ષ ૧૯૯૫ તથા ૧૯૯૭ દરમ્યાન દેશના વન ક્ષેત્રમાં નજીવો ઘટાડો નોંધાયો હતો પરંતુ ત્યારબાદ વ્યાપક રીતે જોઈએ તો વન ક્ષેત્રમાં સતત વધારો જ થતો રહ્યો છે.

★ ★ ★